सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૨૭ | ૦૨ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ: | ૨૭ | ૦૨ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ: | ૧૦ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

## ખેડા જિલ્લાના મહેરબાન અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં મુ.કપડવંજ.

**ક્રીમીનલ પરચુરણ અરજી નંબર: ૪૧/૨૦૨૬**

**અરજદાર:–** ચૌહાણ ઈન્દ્રજિતસિંહ અમરસિંહ
ઉ.વ.આ. ૩૦, ધંધો–નોકરી,
રહે. મુ. ઓધવજીના મુવાડા, પો. પાંડવા,
તા. બાલાસિનોર, જિ. મહીસાગર.

***//વિરૂધ્ધ//***

**સામાવાળા:–** સરકારશ્રી

**બાબત: ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટે અરજી**

*************************************************************************

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી કે. જી. રાઉલજી
શ્રી સરકાર તરફે વિધ્વાન એ. પી. પી. શ્રી એમ. આર. પટેલ

*************************************************************************

**–:: આંક–૦૧ અન્વયે હુકમ ::–**

(૧) સદર કામે અરજદાર/આરોપી કપડવંજ રૂરલ પો. સ્ટે. ના ગુના રજી. નં. ૧૧૨૦૪૦૨૮૨૫૦૩૯૦/૨૦૨૫થી બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૪૦(૨), ૩૫૨, ૩૫૧(૨), ૩૫૧(૩), ૩(૫) તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ના કામે અટક થવાની

સંભાવના હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન મેળવવા માટેની હાલની અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી તેમજ શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીને સાંભળ્યા. રજુ થયેલ પોલીસ પેપર્સ અને તપાસનીશ અમલદારે રજુ કરેલ એફીડેવીટ વંચાણે લીધું.

(૩) આ કામના ફરીયાદપક્ષની ટુંકમા હકીકત એવી છે કે, ગઈ તા. ૦૨/૧૧/૨૦૨૫ના રોજ સાંજના આશરે છ વાગ્યે કાપડીવાવ ખાતે આવેલ અમુલ પ્લાન્ટમાં દાણની બોરીઓની વજન બાબતે આરોપી નં. ૧, ઈન્દ્રજીતભાઈએ ફરીયાદી સાથે બોલાચાલી કરી ગાળો આપેલ અને ત્યારબાદ તેઓના ઓળખીતા ચાર અજાણ્યા ઈસમો એક સફેદ કલરની ગાડીમાં ફરીયાદીને કાપડીવાવ ખાતે આવેલ અમુલ પ્લાન્ટના ગેટ પાસેથી બળજબરીપુર્વક બેસાડી તેઓની ગાડીમાં બેસાડી અપહરણ કરી દનાદરા બાજુ આવેલ કવોરીમાં લઈ ગયેલ અને તે ચારેય ઈસમોએ ફરીયાદીના જીવને જોખમમાં મુકી બીભીત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગડદાપાટુ અને લાકડાના ડંડા વડે શરીરે માર મારી ફરીયાદીને મુઢ ઈજાઓ કરી તે તમામ લોકોએ પોતાનો સમાન ઈરાદો પાર પાડી ગુનો કરેલ. જે મતલબની કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશનમા ફરીયાદ નોંધવામા આવેલી.

(૪) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમા મુખ્યત્વે અરજીની હકીકતોને દોહરાવેલ છે અને એવી રજુઆત કરેલી છે કે, અરજદાર/આરોપી તદન નિર્દોષ છે. અરજદાર/આરોપીને ગુનામા ખોટી રીતે સંડોવી દીધેલ છે. કહેવાતા ગુનામા બનાવ કરતા અતિશય યુકિતવાળી કલમો ઉમેરેલી હોય તે મુજબનો ગુનો બનેલ નથી. અરજદાર કાપડીવાવ મુકામે અમુલ ડેરીમાં નોકરી કરતા હોય, અરજદાર ભાગી જાય તેવા ઈસમ નથી. અરજદારને ખોટી રીતે સંડોવી સદર ગુનાને ઢાલ બનાવી જુની અદાવતને પાર પાડવાના ભાગરૂપે અરજદારનુ નામ આરોપી તરીકે જોડવામા આવેલ છે. ફરીયાદી અને અરજદાર/આરોપી બંને એક જ જગ્યાએ નોકરી કરે છે. કાંટા ઉપર વજન કરવા બાબતે બોલાચાલી થયેલી. ફરીયાદી રાજકીય વગ ધરાવે છે. ફરીયાદીને કોઈ

ગંભીર ઈજાઓ થયેલ નથી. ફરીયાદમાં ગાડી નંબર જણાવેલ નથી. અરજદાર/આરોપી તેઓના કુટુંબના એક માત્ર કમાનાર વ્યકિત છે અને તેઓ ઉપર તેમના ઘર–પરિવારની જવાબદારી રહેલ છે. સદર કેસના સંજોગો તથા કલમો જોતા અરજદાર/ આરોપીને કસ્ટડીમા રાખવાની કોઈ જરૂર જણાતી નથી. અરજદારે આવો કોઈ ગુનો કરેલ નથી કે અગાઉ આવા અન્ય કોઈ પ્રકારના કેસો તેઓ સામે થયેલ નથી કે ગુનાહીત માનસીકતા ધરાવતા નથી. અરજદાર/આરોપી સ્થાનીક રહેવાસી છે તથા કયાંય નાશી ભાગી જાય તેવા નથી. વધુમા નામદાર કોર્ટ જે શરતો ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખાત્રી આપે છે. જેથી અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૫) શ્રી સરકાર તરફે તપાસ કરનાર અમલદારે એવી દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધ કપડવંજ રૂરલ પો. સ્ટે. ના ગુના રજી. નં. ૧૧૨૦૪૦૨૮૨૫૦૩૯૦/૨૦૨૫થી બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૪૦(૨), ૩૫૨, ૩૫૧(૨), ૩૫૧(૩), ૩(૫) તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે. અરજદાર/ આરોપીએ તેઓના ઓળખીતા ચાર અજાણ્યા ઈસમો એક સફેદ કલરની ગાડીમાં ફરીયાદીને કાપડીવાવ ખાતે આવેલ અમુલ પ્લાન્ટના ગેટ પાસેથી બળજબરીપુર્વક બેસાડી તેઓની ગાડીમાં બેસાડી અપહરણ કરી દનાદરા બાજુ આવેલ કવોરીમાં લઈ ગયેલ અને તે ચારેય ઈસમોએ ફરીયાદીના જીવને જોખમમાં મુકી બીભીત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગડદાપાટુ અને લાકડાના ડંડા વડે શરીરે માર મારી ફરીયાદીને મુઢ ઈજાઓ કરી તે તમામ લોકોએ પોતાનો સમાન ઈરાદો પાર પાડી ગુનો કરેલ છે. વધુમા સદર ગુનાની તપાસ હાલ ચાલુ છે. વધુમાં વિધ્વાન એ. પી. પી. શ્રીએ તપાસ કરનાર અમલદારે જે સોગંદનામું રજુ કરેલ છે તે ધ્યાને લઈ અરજદાર/ આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) બંને પક્ષની રજુઆતો, જામીન અરજીની હકીકત, રજુ થયેલ તમામ પોલીસ પેપર્સ, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વગેરે ધ્યાને લીધા. અરજદાર/આરોપી ઉપર બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૪૦(૨), ૩૫૨, ૩૫૧(૨), ૩૫૧(૩), ૩(૫) તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો આક્ષેપ છે. રજુ થયેલ પેપર્સ વંચાણે

લેતાં અરજદાર/આરોપી બનાવ સ્થળે વજનકાંટા ઉપર નોકરી કરતા હતા. જેથી સ્વાભાવિક છે કે, બનાવ સ્થળે અરજદાર/આરોપીની હાજરી હોય. સદર બનાવ વજનકાંટા ઉપર ગાડીનો વજન કરવા બાબતે થયેલ બોલાચાલીનો છે. ફરીયાદીને થયેલ ઈજાઓ બાબતે કોઈ મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ નથી કે ફરીયાદી હોસ્પીટલાઈઝ હોય તેવું કાંઈ જણાઈ આવતું નથી. વધુમાં સદર કામે તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામામાં અરજદાર/આરોપીની હાજરી વગર તપાસ થઈ શકે તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી. અરજદાર/આરોપીનો ગુનાહીત ઈતિહાસ નથી. અરજદાર/આરોપી સ્થાનીક રહેવાસી છે અને તેઓ સ્થાવર જંગમ મિલકત ધરાવે છે જેથી તેઓ નાસી–ભાગી જાય તેવી શકયતા જણાતી નથી. વધુમા અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તથા નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. વધુમા, આ કામે તપાસ કરનાર અમલદારે સોગંદનામામાં જે દહેશતો વ્યકત કરેલ છે તેને ચોકકસ, કડક અને પ્રતિબંધિત શરતોને આધીન અરજદાર / આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવાથી નિવારી શકાય તેમ છે. આમ આ તમામ સંજોગો ઘ્યાને લેતાં, અરજદાર/આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયના હિતમાં યોગ્ય અને વાજબી જણાય છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–::હુકમ::–</u>**

**૧..** અરજદાર/આરોપીની હાલની ફોજદારી પરચુરણ અરજી નં. ૪૧/૨૦૨૬ આથી **<u>મંજૂર</u>** કરવામાં આવે છે.

**૨..** અરજદાર/આરોપીને કપડવંજ રૂરલ પો. સ્ટે. ના ગુના રજી. નં. ૧૧૨૦૪૦૨૮૨૫૦૩૯૦ /૨૦૨૫ના કામે અટક કરવાની આવશ્યકતા ઉભી થાય તો અરજદાર / આરોપીને રૂા ૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)ના જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કર્યેથી નીચેની શરતોને આધીન આગોતરા જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે:–

**<u>શરતો :–</u>**

૧) અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના સાહેદોને ધાકધમકી, લાલચ, પ્રલોભન આપવું નહીં.

૨) અરજદાર/આરોપીએ સદરહુ કેસના પુરાવા સાથે ચેડા થાય તેવું કૃત્ય કરવું/કરાવવું નહીં.

૩) અરજદાર/આરોપીએ પોલીસ તપાસમાં પૂરતો સાથ અને સહકાર આપવો.

૪) અરજદાર/આરોપીએ ગુનાની ટ્રાયલ વખતે ટ્રાયલ કોર્ટમાં નિયમિત હાજર રહેવું

૫) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં

૬) જો અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો પોતાનો પાસપોર્ટ સંબંધિત પોલીસ સ્ટેશનમાં દિન–૭(સાત)મા જમા કરાવવાનો રહેશે અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું સંબંધિત તપાસ કરનાર અમલદાર સમક્ષ રજૂ કરવાનું રહેશે.

૭) અરજદાર/આરોપીએ જામીન ઉપર મુકત થતી વખતે પોતાના રહેઠાણનું હાલનું અને કાયમી સરનામુ આધારભૂત પુરાવા સાથે રજૂ કરવાનું રહેશે તથા પોતાના મોબાઈલ કોન્ટેકટ નંબર રજૂ કરવાના રહેશે. જો રહેઠાણના સરનામા તથા મોબાઈલ નંબરમાં ફેરફાર થાય તો તેની જાણ ફેરફાર થયાના ૭(સાત) દિવસમાં સંબંધિત કોર્ટમાં લેખિતમા કરવાની રહેશે.

૮) અરજદાર/આરોપીએ તા. ૧૭/૦૩/૨૦૨૬ના રોજ સંબંધિત પોલીસ સ્ટેશનમા સવારે ૧૦:૦૦ થી બપોરના ૦૪:૦૦ વાગ્યા વચ્ચે હાજર રહેવું.

– આ હુકમની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તારીખ ૧૦મી, માહે માર્ચ, સને ૨૦૨૬ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૦/૦૩/૨૦૨૬
કપડવંજ
NMJ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)